Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

October 30, 2020
Pg.3

CITY LIFE

અમદાવાદ, શુક્રવાર, 30 ઓક્ટોબર, 2020 . 03

# આંતરપ્રિન્યોર્સને પ્રોત્સાહન આપવા ડેવલપમેન્ટ પ્રોગ્રામ

સિટી રિપોર્ટર | EDII અને સાવિત્રીબાઈ ફૂલે પૂણે યુનિવર્સિટીએ આંતરપ્રિન્યોરશિપ પર વિદ્યાર્થીઓને તાલીમ આપી શકે એવા માર્ગદર્શકો તૈયાર કરવા 5 દિવસીય કાર્યક્રમ યોજશે.

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા (EDII), અમદાવાદ અને સાવિત્રીબાઈ ફૂલે પૂણે યુનિવર્સિટીના સેન્ટર ફોર ઈનોવેશન, ઈન્ક્યુબેશન એન્ડ એન્ટરપ્રાઈઝ વચ્ચે થયેલા સમજૂતીકરાર અંતર્ગત પ્રથમ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરૂ થયો છે. આ પ્રોગ્રામમાં સ્ટાર્ટઅપ્સ ઈનોવેશન સેન્ટર્સ ઊભા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય આંતરપ્રિન્યોર્સમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા તથા તેમના પાયાને મજબૂત કરવાનો છે.

## બિઝનેસને આગળ ધપાવવા નવી પ્રક્રિયા

આ ઈવેન્ટના ઓનલાઈન ઉદ્ઘાટન પ્રસંગે DICCI અને EDIIના બોર્ડના સભ્ય ડૉ. મિલિંદ કામ્બલેએ કહ્યું હતું કે, "નવા ઉદ્યોગસાહસની રચના કરવી રોમાંચક પ્રક્રિયા છે. હાલના સ્થિતિસંજોગોમાં ઉદ્યોગસાહસિકોના મનમાં ઘણી આશંકાઓ છે. એટલે એવી વ્યવસ્થા ઊભી કરવી મહત્ત્વપૂર્ણ છે, જેમાં સંભવિત અને વર્તમાન વ્યવસાયોને સંપૂર્ણ માર્ગદર્શન મળી શકે.